# સેક્ટર-૩બીમાં ૧૫ને ફુડ પોઈઝનીંગ

## કથા અને હવન પ્રસંગે આવેલ મહેમાનો જમી લીધા બાદ અસર

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર શહેરના સેકટર-૩ બીમાં આજે બપોરના જમણવાર હવન પ્રસંગે આવેલા મહેમાનોએ ભોજન ગ્રહણ બાદ ખોરાકી ઝેરની અસર શરુ થઈ હતી. સિવિલમાં તેમજ નર્સિંગ સ્ટાફ સહિતનો સ્ટાફ ખડેપગે થઈ ગયો હતો. જયારે મનપાની ૩ ડોકટર્સ સાથેની



બાદ ૫ વાગ્યાના અરસામાં એક પછી એક વ્યકિતને ઉલ્ટીઓ થતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. કથા અને ૧૫ દર્દીઓને એડમીટ કરવામાં આવ્યા છે. જયારે ૪ દર્દીઓને ઓપીડી સારવાર આપવામાં આવી હતી. બનાવની જાણ સિવિલ તંત્રને થતા તાત્કાલીક ડોકટરની ટીમ આરોગ્ય ટીમ પણ દોડતી થઈ ગઈ હતી અનો સેકટર-૩માં આરોગ્યલક્ષી સર્વેની કામીગીરી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩ બી પ્લોટ નં- ૩૪૪/૨ ખાતે રહેતા હર્ષદભાઈ વી. કાપડીયાના નિવાસ સ્થાને આજે સવારના સુમારે ભગવાન સત્યનારાયણની કથા, હવન અને આનંદના ગરબાનું આયોજન કર્યુ હતું. ત્યારે મળતી માહિતી મુજબ હર્ષદભાઈ સચિવાલયમાં ફરજ બજાવીને વયનિવૃત થતા તેઓએ આ નાનકડા ફંકશનનું આયોજન કર્યુ હતું. જેમાં પરિવારના સભ્યો, મિત્રો તેમજ સગા-સ્નેહીજનોને બોલાવ્યા હતા. પ્રસંગમાં પધારેલા મહેમાનોએ બપોરના સુમારે દાળ-ભાત, ગાજરનો હલવો, પનીરનું શાક, મીક્ષ શાક, કચોરી, પુરી સહિતની વાનગીઓ અંદાજીત ૫૦ થી ૬૦ મહેમાનોએ આરોગી હતી. ત્યારબાદ બપોરના ૪ કલાકની આસપાસ મહેમાનોમાંથી કેટલાકને ઉલ્ટીઓ શરુ થઈ હતી. જેથી તાત્કાલીક મહેમાનોને સિવિલમાં લઈ જવાયા હતા.

સિવિલ તંત્રમાં પણ રવિવારની રજા અને ફુડ પોઈઝનીંગના કેસ આવતા હોવાની ખબર પડતા જ તંત્ર સાબદુ થઈ ગયું હતું. ૩ મેડીકલ ઓફિસર, નર્સિંગ સ્ટાફ સહિત વર્ગ-૪ નો સ્ટાફ ખડેપગે થઈ ગયો હતો. મનપાની ટીમ પણ કામે લાગી ગઈ હતી અને સ્થળ પર જઈને સર્વેની કામીગીરી હાથ ધરી હતી. સિવિલમાં એક પછી એક ટોટલ ૧૫ ફુડ પોઈઝનીંગના કેસ નોંધાયા છે, અને ચાર દર્દીઓને ઓપીડી સારવાર આપીને ઘરે મોકલવામાં આવ્યા હતા. ૧૫ દર્દીમાં ૮ પુરુષ અને ૭ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ તમામ દર્દીઓની તબિયત હાલ સુધારા પર છે.

# તાલુકા પંચાયતની ૩૬ બેઠકો માટે કોંગ્રેસમાં ૧૫૦ મુરતિયા લાઈનમાં

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી માટે આજે કોંગ્રેસ દ્વારા હાથ ધરાયેલી રજૂઆતો સાંભળવાના

**જિલ્લાના કોર્ડીનેશન કમિટિની બેઠકમાં એક જ નામ નક્કી કરવાની કવાયત થશે**

સિલસિલામાં ૧૫૦થી વધુ ઈચ્છુકોએ રજૂઆત કરી હતી.

જિલ્લા કોંગ્રેસ સમિતિ, પ્રદેશ નિરિક્ષકો અને બેઠકવાર નિરિક્ષકોની હાજરીમાં આજે આ રજૂઆતો સાંભળવામાં આવી હતી. મળતી વિગતો દરેક બેઠક પર ૪ જેટલા સરેરાશ ઉમેદવારોએ ટિકિટ માટે રજૂઆત કરી હતી.

કાલે જિલ્લા કોર્ડીનેશન કમિટિની બેઠક મળશે જેમાં શક્ય તેટલી બેઠકો પર એક જ નામ રાખવાનો પ્રયાસ થશે. આ માટે આગેવાન કાર્યકરો સાથે બેઠકો પણ કરવામાં આવશે. આ પછી જ્યાં પેનલ બનશે તે યાદી સહિતની સમગ્ર યાદી પ્રદેશ સમિતિને ૬ઠ્ઠીએ મંજૂરી માટે મોકલવામાં આવશે.

જિલ્લા કોંગ્રેસ સમિતિ ૭મીએ સત્તાવાર ઉમેદવારોની યાદી જાહેર કરશે અને ૮મીએ ઉમેદવારો દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવશે.

જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયતની આ ચૂંટણીથી રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી ગયો છે. આ ચૂંટણી ડોર ટુ ડોર સંપર્ક અભિયાન પર પણ કોંગ્રેસ દ્વારા ભાર મુકવામાં આવ્યો છે.



બાપા મોરીયા રે - ગાંધીનગરમાં સિદ્ધિવિનાયક ગણપતિદાદાના પ્રથમ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણપતિબાપાના જયઘોષ સાથે નિકળેલી શોભાયાત્રામાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# પ્લાસ્ટ ઈન્ડિયા માટે પાટનગરમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૪
રાજ્યના પાટનગર ગાંધીનગરમાં બે વર્ષ પહેલા પ્લાસ્ટ ઈન્ડિયાનું આયોજન થયુ હતુ. આ સફળ આયોજનમાં લાખો વ્યક્તિઓ આવ્યા હતા. બે વર્ષ બાદ હવે ફરી પાટનગરમાં એક્ઝીબીશન સેન્ટર સે. ૧૭ ખાતે પ્લાસ્ટ ઈન્ડિયાનું આયોજન થયુ છે. આ કાર્યક્રમમાં અનેક વીવીઆઈપી આવશે અને લાખો મુલાકાતીઓ અલગ અલગ રાજ્યોમાંથી પણ ગાંધીનગરમાં આવશે તેવી શક્યતા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પાટનગરમાં ગાંધીનગર રેન્જનો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેવુ જાણવા મળ્યુ છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૮ માટે ગાંધીનગર રેન્જના ચાર જિલ્લાઓમાંથી પોલીસને બંદોબસ્ત માટે ગાંધીનગર બોલાવવામાં આવનાર છે.

તા. ૭ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધીના આ કાર્યક્રમ માટે ૬ ફેબ્રુઆરીથી જ પોલીસ કાફલો પાટનગરમાં ખડેપગે કરી દેવામાં આવશે. બે એસપી, ૧૨ ડીવાયએસપી, ૨૬ પીઆઈ, ૫૫ પીએસઆઈ, ૫૦૦થી વધુ પોલીસ, ૫૦ ટ્રાફીક પોલીસ, ૧૦૦ મહિલા પોલીસ, ક્વીક રીસ્પોન્સ ટીમ અને બે કંપની એસઆરપી પાટનગરમાં ૬ઠ્ઠી તારીખથી તૈનાત કરી દેવાશે. જેને પગલે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. શહેરમાં પાર્કિંગની કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે વિશેષ ધ્યાન આપવામાં આવશે.

# જિલ્લાનો ૧૫.૧૮ કરોડ રૂપિયાનો હેલ્થ પ્લાન

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર જિલ્લાનો આરોગ્ય પ્લાન રૂ. ૧૫.૧૮

**ગ્રામીણ સ્તરે આરોગ્ય સેવાના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર બનાવવાનો લક્ષ્યાંક**

કરોડનો તૈયાર કરી રાજયના આરોગ્ય કમિશનરશ્રીને મોકલી આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈ બ્લોક લેવલે આ અંગેની બેઠકોના દોર પછી આખા તાલુકાનો હેલ્થ પ્લાન બને અને પછી તે જિલ્લા કક્ષાએ આવે. જિલ્લા કક્ષાએ પણ તાલુકા આરોગ્ય અદિકારીઓની બેઠકોને અંતે જિલ્લાનો પ્લાન તૈયાર થતો હોય છે.

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (એન.આર.એચ.એમ.) અંતર્ગત ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશન જે હોય છે તે આ સમગ્ર પ્લાન મુજબની કામગીરીનું મોનીટરીંગ કરે છે.

ડિસ્ટ્રીકટ હેલ્થ મિશન અંતર્ગત જિલ્લામાં આરોગ્ય સેવાઓ સઘન બને તે માટે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર પુરસ્કૃત જે આરોગ્ય વિષયક યોજનાઓ છે તેના સઘન અમલીકરણ પર ભાર મુકવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ યોજના, કૃમિ નાશક દવાના વિતરણ સહિત કૃમિનાશક ડેની ઉજવણી, પલ્સ પોલિયો અભિયાન, બાલ સખા યોજના, બાળ ડૉક્ટર યોજના, જિલ્લાનો ડોર ટુ ડોર હેલ્થસર્વે સહિત સંખ્યાબંધ યોજનાઓનું આ મિશન અંતર્ગત મોનીટરીંગ કરવામાં આવે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગત વર્ષની તુલનામાં આ પ્લાન થોડોક મોટો જરૂર છે પણ નવા વર્ષમાં જનની સુરક્ષા યોજના, બાલ સખા યોજનાના અસરકારક અમલીકરણ સહિત સગર્ભા માતાઓનું અર્લી રજીસ્ટ્રેશન, કુપોષણ મુક્તિ અભિયાન, બાળમરણ, માતા મરણ તેમજ એન.સી.ડી. યોજનાઓના અમલ ઉપરાંત લોકજાગૃતિ પર ખાસ ભાર મુકવામાં આવનાર છે.

# જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ભારે મતદાન

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણીમાં ભારે મતદાન થતાં આ ચૂંટણી અત્યંત રસાકસીભરી બનશે.

૬ ગ્રામ પંચાયતોમાં આજે યોજાયેલ મતદાન માટે સવારથી જ મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને બે વાગ્યા સુધીમાં જ ૬૦ ટકા જેટલુ મતદાન થઈ જવા પામ્યુ હતુ.

ઈવીએમથી યોજાઈ રહેલ આ ચૂંટણીમાં કલોલ તાલુકાના સઈજ ગામની સામાન્ય ચૂંટણીએ સમગ્ર તાલુકામાં રાજકીય ઉત્તેજના જગાવી હતી. સરપંચ પદ માટે અહિ ચતુષ્કોણીય જંગ ખેલાઈ

● અનુસંધાન પાન-૭ પર

# સરખેજમાં નકલી ઘીના કાંડનો પર્દાફાશ

અમદાવાદ, તા. ૪
શહેરના સરખેજ વિસ્તારમાંથી પોલીસે નકલી ઘી બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો અને ઘટનાસ્થળેથી નકલી ઘીના ૭૦થી વધુ ડબાનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એવો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, આરોપીઓ દ્વારા અમૂલ, સાગર જેવી બ્રાન્ડેડ કંપનીના ઘીના ડબાઓમાં નકલી ઘી ભેળસેળ કરી અમદાવાદ સહિત રાજયભરના જુદા જુદા સ્થળોએ બારોબાર વેચી મારવામાં આવતા હતા. પોલીસના દરોડા દરમ્યાન આરોપીઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે પાડેલા દરોડા દરમ્યાન નકલી ઘીના જથ્થા સહિત રૂ.પાંચ લાખથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કરાયો હતો. સરખેજ પોલીસે આ સમગ્ર કૌભાંડ અંગે જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી અને આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. શહેરના સરખેજ વિસ્તારમાં ઉજાલા ચોકડીથી સાણંદ જતાં સાગર એસ્ટેટમાં બી-૧૦ નંબરના ગોડાઉનમાં બ્રાન્ડેડ ઘીમાં નકલી ઘી ભેળસેળ કરી રાજયના વિવિધ વિસ્તારોમાં વેચવાનું કૌભાંડ ચાલતુ હોવાની ચોક્કસ બાતમીના આધારે સરખેજ પોલીસે ગઈ મોડી રાત્રે નકલી ઘી બનાવવાની ફેકટરી પર દરોડો પાડયો હતો અને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં ઘટનાસ્થળેથી નકલી ઘી બનાવવાની સામગ્રી અને બ્રાન્ડેડ ઘીના ડબાઓ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી અમૂલ, સાગર જેવી બ્રાન્ડેડ કંપનીઓના ઘીના ડબ્બાઓ સહિત રૂ. પાંચ લાખથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો.



યુવા વૈષ્ણવોની રેલી - આગામી ૮મીએ ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા યોજાનાર ૫૬ ભોગ બડો મનોરથ મહોત્સવ અન્વયે વલ્લભયુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા યોજેયલ રેલીમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા. નગરના રાજમાર્ગો પર નીકળેલી રેલીને ભારે પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

## બેસણું



અમારા પૂજ્ય પિતા **ઠાકોર મફાજી ચતુરજી** તા. ૧/૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા.૫/૨/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૨-૦૦** અમારા નિવાસસ્થાને રાખેલ છે. (સુવાળા ઉતારેલ છે.)

**નિવાસ : ગામ - ઈન્દ્રોડા, વચલો વાસ, તા.જી. ગાંધીનગર. મો. ૯૮૨૪૭૧૪૨૯૫, ૯૯૨૫૧૦૬૪૮૫**

લિ.

**આશાબેન (પુત્રી)**
**ભાવનાબેન (પુત્રી)**
**બળદેવજી આતાજી ઠાકોર (ભત્રીજો)**
**કરશનજી બબાજી ઠાકોર (ભત્રીજો)**
**કાળીબેન મફાજી ઠાકોર (પત્ની)**
**પ્રતિક મફાજી ઠાકોર (પુત્ર)**
**રમેશ મફાજી ઠાકોર (પુત્ર)**
**બરસંગજી વજાજી ઠાકોર (ભાઈ)**
**જીલુજી વજાજી ઠાકોર (ભાઈ)**

# રાજ્યમાં ૧૧૫૩ ગ્રામ પંચાયતોમાં શાંતિપૂર્ણ મતદાન

ગાંધીનગર,તા. ૪
સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આજે રાજયની ૧૪૨૩ ગ્રામ પંચાયતોમાંથી કુલ ૨૭૦ સમરસ જાહેર થયા બાદ ૧૧૫૩ ગ્રામપંચાયતોની ચૂંટણી યોજાઇ હતી, જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. ગ્રામ પંચાયતોની આજની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારના મતદારોએ ભારે ઉત્સાહ સાથે ઉંચુ અને વિક્રમી મતદાન કરી શહેરી વિસ્તારની પ્રજાને શરમાવી હતી. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૭૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતુ. ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ ખેતરો-ઘરના કામકાજ પડતા મૂકીને પણ મતદાન માટે ભારે ઉત્સાહ સાથે આગળ આવી હતી અને નોંધનીય મતદાન કર્યુ હતું. રાજયની કુલ ૧૪૨૩ ગ્રામ પંચાયતો પૈકી ૨૭૦ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થતાં આજે ૧૧૫૩ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને વોર્ડ બેઠકો માટેની મહત્વની ચૂંટણી યોજાઇ હતી. રાજયમાં ૧૧૨૯ સરપંચો અને ૬૦૪૯ વોર્ડ બેઠકો માટેના ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થઇ ગયું છે. સાંજે ચાર વાગ્યા સુધીમાં રાજયના ૩૨ જિલ્લાઓમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીનું સરેરાશ મતદાન ૭૫ ટકા જેટલું ઉંચુ મતદાન નોંધાયું હતું. રાજયમાં આજે વહેલી સવારથી જ ગ્રામપંચાયતોની ચૂંટણીને લઇ ગ્રામ્ય વિસ્તારના મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો. વહેલી સવારથી ગામના જાગૃત નાગરિકો, વૃધ્ધો અને મહિલાઓ લાંબી લાઇનો લગાવી મતદાન માટે ઉભા રહી ગયા હતા. અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ભાવનગર, અમરેલી, છોટા ઉદેપુર સહિતના જિલ્લાઓમાં વિવિધ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઇ હતી. અમદાવાદ જિલ્લામાં વિરમગામ,

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ પ્રવિણભાઈ આઈ. પટેલ, રહેવાસી : બી-૪૦૪, વસંતવિહાર ભાગ-૨, શાહીબાગ, અમદાવાદનાં અમારા અસીલ ઠાકોર દિપાજી હેમતાજી, રહેવાસી : દશેલા, જી. ગાંધીનગરની સૂચનાથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસલી દ્વારા જી. ગાંધીનગરના મોજે દશેલાની સીમનાં જૂના સર્વે નં. ૪૬૧/૬૦ (જૂનો બ્લોક નં. ૯૭૪) નવો સર્વે નં. ૧૧૪૧ની કુલ ૧.૦૪.૬૫ ચો.મી. પૈકીની ૦.૩૪.૮૮ ચો.મી. ખેતીની જમીન ખાતા નં. ૩૮૯ વાળી ફુલાજી રણછોડજી તથા તેમનાં સહભાગીદારો, કુટુંબીજનો પાસેથી કબજા વિનાનો બાનાખતનો કરાર તા. ૬/૭/૨૦૧૬ના રોજ કરી રૂ. ૬,૦૧,૦૦૦/-નો અવેજ આપી ખરીદ કરવામાં આવેલ છે. તો આ અંગે તા. ૧૯/૬/૨૦૧૭ના રોજ પાવતી લખી આપેલ છે. આમ, આ જમીનમાં અમારા અસીલનો નાણાંકીય અવેજ તથા માલિકીનાં હક્ક-હિતો સમાયેલા છે. આથી હવે પછી આ જમીન અંગે કોઈપણ શખ્સે, વ્યક્તિએ કે સંસ્થાએ આ જમીન વેચાણ અંગે કોઈપણ જાતના દસ્તાવેજી વ્યવહારો કે અવેજના વ્યવહારો કરવા નહીં તેની નોંધ લેશો. આમ, નોટીસ આપવા છતાં કોઈ ત્રાહિતો આ જમીનનાં અંગે કોઈપણ જાતનાં વ્યવહારો કરશે તો તેમને કોઈ હક્કો પ્રાપ્ત થશે નહીં અને અમારા હક્કો ઉભા રહેશે તેની નોંધ લેશો.

**મારી મારફતે**
**સહી/-**
**પ્રવિણભાઈ આઈ. પટેલ**
**(એડવેકોટ)**

**સ્થળ : અમદાવાદ**
**તા. ૪/૨/૨૦૧૮**

બી-૪૦૪, વસંતવિહાર ભાગ-૨, શાહીબાગ, અમદાવાદ
**મો. નં. ૯૮૨૫૦ ૬૬૮૪૮**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com